# ભારતમાં COVID-19 [કોવિડ-19] નિમિત્તે

## "જાહેર તપાસ સમિતિઓ" તેમજ "લોકાયુક્ત" નિર્માણ માટેનો પ્રસ્તાવ:

ભારતમાં COVID-19ની કપરા કાળમુખાકાંડને વીત્યે હજુ તો પૂરા છ મહિના પણ નથી થયાં અને લાગે છે કે ટૂંકાગાળામાં જ થયેલ અગણિત લોકોનાં મૃત્યુ વિશેની વાતો, ચર્ચાઓ ઉપર પૂર્ણવિરામ મૂકાઇ ગયું છે. એ લોકો કેવી રીતે મૃત્યુ પામ્યાં? કેમ મૃત્યુ પામ્યાં? વગેરે સવાલો જાણે ગુમ થઇ ગયા છે. યાદ છે? દેશની સર્વોચ્ચ સંસ્થા-સંસદ-માં તત્કાલિન સ્વાસ્થમંત્રી શ્રી ભારતી પરવીન પવારે એક નિવેદન આપ્યું હતું કે, "કોઈપણ રાજયમાં ઓક્સિજનના અભાવને કારણે કોઈ પણ મૃત્યુ થયું હોય એવો એક પણ મામલો સરકાર પાસે આવ્યો નથી." બસ, આ એક નિવેદને સંસદમાં આ મહામારી વિષયક ચર્ચાઓ ઉપર જાણે કે પર્દો પાડી દીધો. એનાં ઉપાયો વિષેની ચર્ચાઓ પણ ચૂપ થઈ ગઈ. બીજી તરફ મોતના એ કાળમુખા ખેલનો સામૂહિક શોક હજુ તો ઝળુંબતો હતો ત્યારે જ રાજ્ય સરકારો મોતના સાચા આંકડાઓને દબાવવાના પ્રયત્નો કરી રહી હતી. રસીકરણની પ્રક્રિયા પણ દેશમાં મંદ ગતિએ આગળ વધી રહી હતી; કેમ કે-દેશભરમાં વેક્સિનની (રસીની) કમી સર્જાઇ હતી. જ્યારે વાસ્તવમાં દેશની જનતા 'ત્રીજી લહેર'ના ઓથાર નીચે ગૂંગળાઈ રહી હતી, પીસાઇ રહી હતી - આર્થિક રૂંધામણથી અને અને અન્ય અનેક અવ્યવસ્થાઓને કારણે, ત્યારે કોઇ પણ પ્રકારની જવાબદારીમાંથી છટકીને સરકાર 'આગળ વધી' રહી હતી. સરકારની દેશમાં ઉપસ્થિતિનો માત્ર એક જ પુરાવો નજરે પડી રહ્યો હતો અને એ હતો જાહેરાતોના હોર્ડિંગ્સ ઉપર; જેમાં એ પ્રધાનમંત્રીશ્રીને મહામારી ઉપર કાબૂ મેળવી લેવા માટે અભિનંદન આપતી હતી અને મફત રસીકરણની જાહેરાતો કરતી હતી.

ભારત સરકારે મહામારીના દૌરમાં તક સાધીને કેટલાંક જનવિરોધી અને કાળાં કાયદા અમલમાં આણી દીધાં; જેમ કે, "આપદા [આપત્તિ] પ્રબંધન કાનૂન" [ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ]; "આવશ્યક સેવા કાનૂન" [એસેન્સ્યિલ સર્વિસીઝ એક્ટ], "મહામારી રોગ અધિનિયમ" [એપિડેમિક ડિસીસીઝ એક્ટ] વગેરે. આવા કાનૂનો ઉપરાંત, આગળ વધીને સરકારે દેશને કોઈપણ પ્રકારની પૂર્વતૈયારી વિના જ કઠોર "તાળાબંધી" [લોકડાઉન]માં ધકેલી દીધો. પરિણામે કરોડો મજૂરો અને સામાજિક રીતે શોષિત વર્ગના લોકોએ પોતાની આજીવિકા ગુમાવી. વળી એની સાથે સાથે જ મહામારી અને તાળાબંધીને હથિયાર બનાવી CAA-NRC [સી.એ.એ.-એન.આર.સી.] જેવાં કાળાં કાનૂનો સામે ચાલી રહેલ લોકઆંદોલનોને અને યુવાઓ-વિદ્યાર્થીઓના આંદોલનોને કચડી નાખ્યાં તેમજ નાગરિક અધિકારો માટે ઝઝૂમતાં કર્મશીલો તથા પત્રકારોની ઉપર મનઘડંતઆરોપો મૂકી જેલોમાં ઠૂંસી દીધાં.

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના" [પ્રથમ કોવિડ રાહત પેકેજ] તથા "પ્રોત્સાહક યોજના" [બીજું રાહત પેકેજ] જેવી યોજનાઓમાંથી સિફતપૂર્વક તાળાબંધીના વાસ્તવિક અસરગ્રસ્તો તથા મુખ્યત્વે સમાજના વંચિત સમુદાયોમાંથી આવતા છૂટક કામદારોને બાકાત કરી દેવામાં આવ્યાં.

જાન્યુઆરી-2021માં દાવોસ ખાતે આયોજિત થયેલ 'વર્લ્ડ ઇકોનોમિક ફોરમ'માં પ્રધાનમંત્રીએશ્રીએ જાહેરાત કરી દીધી કે, "ભારત અનેક લોકોના જીવ બચાવવામાં સફળ રહ્યું છે તેમજ તેણે સમગ્ર માનવતાને જબરદસ્ત તારાજીમાંથી ઉગારી લીધી છે." આનાથીએ આગળ વધીને એમણે કહ્યું કે, "ભારતે (મહામારી સંદર્ભે) માત્ર પોતાનો જ પ્રશ્ન હલ નથી કર્યો પરંતુ અન્ય દેશોને પણ મહામારી સામેના યુધ્ધમાં સહાયતા કરી છે." અલબત્ત, ભારત સરકારની આ જાહેરાતો અપરિપક્વ હતી; કેમ કે, એ મહામારી સાથેના યુધ્ધમાં વિજયનો સમય નહોતો. વાસ્તવમાં "મહામારીની બીજી લહેર" બારણે ટકોર દઈ રહી હતી.

ન્યૂઝ એજન્સી [સમાચાર સંસ્થા] 'રોયટરના' અહેવાલ મુજબ 13 સપ્ટેમ્બર, 2021 સુધીમાં ભરતભરમાં મહામારીના ઉદભવ બાદ કુલ 3,32,64,175 કોવિડ સંક્રમિતોની સંખ્યા હતી અને 4,42,874 લોકોએ પોતાનો જાન ગુમાવ્યો હતો; પરંતુ 'ન્યુયોર્ક ટાઈમ્સે' જાહેર કરેલ ભારતીયોની સંખ્યા 6 લાખ થી 16 લાખ સુધીની હતી. ખેર, ભારત સરકારે તો એ દાવાઓને ફગાવી દીધા પરંતુ તે જ સમયે અનેક રાજ્યોમાંથી મહામારી દરમિયાનનાં મૃત્યુના 'સુધારેલા આંકડા' રોજેરોજ પ્રકાશિત થઈ રહ્યા હતા.

ભારતની જનતા આજે એવા પડકાર પર આવીને ઊભી છે કે, જ્યાં એની પાસે સરકારને 'કોવિડ સામેના યુધ્ધમાં વિજય'ની ભ્રામક જાહેરાતો માટે, મેડિકલ પ્રોટોકોલને મક્કમતાથી વળગી ન રહેવા બદલ, બીજી લહેરની પૂર્વતૈયારીઓ ન કરવા બદલ તેમજ સાચાં અહેવાલોને કઠોરતાપૂર્વક દબાવી દેવા બદલ કે સમગ્ર વાતાવરણનાં કુપ્રબંધ માટે, કોઈ સંસ્થાન વડે જવાબદાર ઠેરવી શકે.

હવે તો હદ થઈ ગઈ. રોજે રોજ આપણી આંખો સામે જે કરૂણાંતિકાઓ પસાર થતી રહી હતી એ માત્ર આંકડાઓ બનીને જ ઢબૂરાઇ ન જાય. આપણે જે સ્વજનોને ગુમાવ્યા છે. તેઓ એક આંકડાં તરીકે પણ ન સ્વીકારાયાં કે એમને સન્માનજનક અંતિમ સંસ્કાર પણ ન સાંપડ્યા. હવે સમય પાકી ગયો છે. આપણે પોકાર કરીને કહેવું પડશે, પૂછવું પડશે કે, સ્મશાનોમાં સળગતી અસંખ્ય લાશો કે ગંગામાં તરતી સેંકડો લાશો માટે કોણ છે જવાબદાર? હોસ્પિટલોનાં દરવાજા આગળ સર્પાકારે લંબાયેલી એમ્બ્યુલન્સોની કતારો માટે અને ઓક્સિજન માટે તડપતાં, તરફડતાં દર્દીઓ માટે કોણ હતું જવાબદાર? નદી કાંઠે બની ગયેલી અજાણી કબરો માટે કોણ જવાબદાર છે? અનેક અનાથ બની ગયેલ બાળકો, ગરીબીમાં ધકેલાઇ ગયેલ લાખો-કરોડો લોકો માટે તેમજ દેવાળિયાં થઈ ગયેલ હજારો લોકો, પરિવારો માટે કોણ હતું જવાબદાર? કોણ? આપણે એ માટે જવાબદારોને માફ ન કરી શકીએ. તે માત્ર 60 દિવસ દરમિયાન થયેલ 4 લાખથી વધુ મૃત્યુ (આધિકારિક આંકડો)ની હકીકતને સ્મૃતિશેષ બનાવી છટકી ન જઇ શકે કે "થેન્ક યૂ પ્રાઇમ મિનિસ્ટર"નાં પાટિયાં ચિતરાવી લોકોની આંખમાં ધૂળ નાં ઝોંકી શકે.

હવે સમય પાકી ગયો છે. દેશના નાગરિક તરીકે આપણાં અધિકારો માંગવાનો. સરકારને જવાબદાર ઠેરવવાનો. સરકારના તમામ જવાબદાર તંત્રો અને સંસ્થાઓને જવાબદાર ઠેરવવાનો. જે કોઈ પણ આવા વાતાવરણ માટે જવાબદાર હોય એ સૌનો જવાબ માંગવાનો. આ જ સમય છે- માનવતા માટે અવાજ ઉઠાવવાનો. આજે સમયની માંગ છે કે- આપણાં દુ:ખો, ગુસ્સો, આક્રોશ અને પીડાઓને એવી દિશામાં વાળીએ કે ફરી ક્યારેય આવો સમય ન જોવો પડે, અનુભવવો પડે. આ અંધકારમય ઈતિહાસને ગર્તામાં ધકેલી દઈએ. આપણે હવે પોકારવું જ પડશે કે - **"અમે ન્યાય મેળવવાના હકદાર છીએ."**

આ સંદર્ભે એક અખિલ ભારતીય વિમર્શસભાનું આયોજન 1 ઓગસ્ટ, 2021નાં રોજ થયું હતું એ સભામાં નીચે મુજબના પ્રસ્તાવો દેશના નાગરિકો સમક્ષ રજૂ કરવાના નિર્ણયો લેવાયા હતા.

- લોક તપાસ સમિતિઓનું ગઠન કરવું.
- લોક આયોગ [પીપલ્સ કમિશન]નું નિર્માણ કરવું. જે આયોગ સત્ય શોધવાની, જવાબદારી નિશ્ચિત કરવાની તેમજ ન્યાય કરવાનું કાર્ય કરશે. એનું મુખ્ય કાર્ય ભારતમાં કોવિડ-19 સંદર્ભે સર્જાયેલી પરિસ્થિતી વિશે વિગતવાર માહિતી એકઠી કરવાની તથા પીડિત જનતાને ન્યાય આપવાનું રહેશે.

આ સમગ્ર પ્રક્રિયા માત્ર કોઈ પ્રસંગ કે ચર્ચાસભા નથી, કે એક અહેવાલ તૈયાર કરવા માટે પણ નથી. એ તો એક નિરંતર ચાલનારી પ્રક્રિયા હશે. એ લોક સમિતિઓ [પીપલ્સ કમિટીઝ]નું નિર્માણ કરશે. એ સમિતિઓ મારફત જનતાના તપાસ કરવાના, સવાલો કરવાના અધિકારો માટે જનતાને સક્રિય કરશે તેમજ રાજ્ય અને ખાનગી ક્ષેત્રની જવાબદારીઓ નિશ્ચિત કરવા માટેની પ્રક્રિયાઓ શરૂ કરશે.

## **<u>વિચાર અને પ્રસ્તાવ:</u>**

લોક તપાસ અને આયોગના માધ્યમથી આપણે જે બાબત પર ધ્યાન કેન્દ્રિત કરીશું તે છે -

- મહામારીના દુષ્પ્રભાવો.
- મહામારી દરમિયાન લેવાયેલ પગલાઓ; જે કે - તાળાબંધી વગેરે.

આ પ્રક્રિયા દરમિયાન આપણે જાહેર આરોગ્ય [પબ્લિક હેલ્થ]ની વાસ્તવિક્તાઓની સામૂહિક તપાસ કરવી પડશે. જાહેર આરોગ્ય ઉપર એનો શું શું પ્રભાવ પડ્યો? ઉપરાંત એને કારણે શૈક્ષણિક વ્યવસ્થાઓ તથા આર્થિક અને સામાજિક વ્યવસ્થાઓ ઉપર ક્યા ક્યા પ્રભાવો જોવા મળ્યા? મહામારી અને તાળાબંધીને તેમજ તેના કુપ્રબંધનને કારણે થયેલ વિસ્થાપનો, આજીવિકાઓનું નુકશાન તથા જનતાને ભોગવવી પડેલ હાડમારીઓ અંગે પણ વિગતવાર તપાસો કરવી પડશે.

અલબત્ત, વસતાવમાં મહામારી તો એક સ્વસ્થ્ય સંકટ જ હતું; પરનું તેના કુપ્રબંધનને કારણે દેશની જનતા અને સમાજનાં પ્રત્યેક પાસાં ઉપર તેનાં કેવાં કેવાં દુષ્પરિણામો આવ્યા તે શોધવું અત્યંત જરૂરી બની ગયું છે. મહામારી અને તાળાબંધીને કારણે જનતાએ વેઠેલ યાતનાઓ, હાડમારીઓ, ગૂંગળામણોની તપાસ ખરેખર તો સરકારોએ કરવી જોઇએ; પરંતુ એવી કોઈ જ કાર્યવાહી થઈ નથી. તેથી સત્તાને જવાબદાર ઠેરવવાનું કાર્ય જનતા ઉપર આવી પડ્યું છે. આ સામૂહિક પ્રક્રિયાને વિકસાવવા માટે આપણે વિવિધ પ્રકારના અભિગમો તેમજ પધ્ધતિઓનો ઉપયોગ કરવો પડશે. આથી અમારો પ્રસ્તાવ છે કે - લોક તપાસ સમિતિઓ વાસ્તવિકાઓની જમીન ઉપર પડેલ દુષ્પ્રાભાવોની તપાસ કરશે અને લોક આયોગ રાજ્ય દ્વારા મહામારીને કાબૂમાં લેવાયેલ પગલાંઓની તથા સમાજ ઉપર પડેલાં તેના દુષ્પ્રભાવોની તપાસ કરશે.

## <u>લોક તપાસ સમિતિ:</u>

આવી સમિતિઓનો હાર્દસ્વરૂપ સિધ્ધાંત હશે - "અમે લોકો, લોકો વડે, લોકો માટે" અહીં એ પણ પ્રસ્તાવિત છે કે - આપણે દેશભરમાં બહુસ્તરીય સમિતિઓનું નિર્માણ કરીએ. ગામડાઓમાં, પંચાયતોમાં, વિસ્તારોમાં, જિલ્લાઓમાં, શહેરોમાં અને ક્ષેત્રોમાં તમામ સ્થળે સમિતિઓ રચાય. આવી સમિતિઓ દરેક સમુદાયોના લોકો દ્વારા તથા જીવનના તમામ ક્ષેત્રો તથા પાસાંઓને આવરી લઈને રચાય. આ સમિતિઓ દરેક સ્તર અને સમુદાયના લોકોએ ભોગવવી પડેલ તકલીફો, હાડમારીઓની ફરિયાદો એકત્રિત તથા સંકલિત કરી એ તમામની તપાસો આદરશે. એ સમિતિઓ એવા લોકોનાં અવાજને સશક્ત બનાવશે જેઓ સરકારોના કુપ્રબંધનનો ભોગ બન્યા છે. તેમજ સંસ્થાઓ, ન્યાય તંત્ર, અમલદાર તંત્ર, જાહેર માધ્યમો, ફાર્માસ્યુટિકલો (સ્વાસ્થ્યસંબંધી વ્યવસ્થાઓ), સંઘરાખોરો કે અન્ય કોઈ પણ વ્યવસ્થાઓના ભોગ બન્યા હોય. અમે આપને અપીલ કરીયે છીએ કે - જે કોઈ પણ લોકો સરકારને જવાબદાર ઠેરવવા માંગે છે તે લોક સમિતિઓ સાથે જોડાય.

## <u>લોક આયોગ:</u>

લોક આયોગના સભ્યોની નિમણૂંક નાગરિક સમાજના જૂથો [સંસ્થા-સંગઠનો] તેમજ લોક તપાસ સમિતિઓ સાથે મળીને કરશે. દરેક રાજયમાં લોક આયોગમાં વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતો, વિશેષજ્ઞોનો સમાવેશ કરાશે. ડૉકટરો, ન્યાયવિદો, અર્થશાસ્ત્રીઓ, શિક્ષણશાસ્ત્રીઓ વગેરેનો સમાવેશ કરાશે. એ આયોગો પાસે વિષયવાર સંશોધનો, તપાસો કરતી ટુકડીઓ રહેશે. એ સભ્યો અલગ અલગ લોક સુનાવણીઓમાં ઉપસ્થિત રહેશે.

**આવો આપણે સાથે મળીએ**
**તપાસ કરીએ અને તથ્ય ઉજાગર કરીએ**
**સરકારને જવાબદાર ઠેરવીએ**
**જીવતાં અને મૃત્યુ પામેલાં લોકોને ન્યાય અપાવીએ.**

અમારે જરૂર છે - નીચે પ્રમાણેના ક્ષેત્રોમાં સક્રિય સહયોગ આપી શકે એવા લોકોની.

- મહામારી સમયે સ્વૈચ્છિક રીતે નાગરિક પહેલો તથા સેવા પ્રવૃતિઓ કરનાર જૂથો, મંડળો, સંસ્થાઓ વગેરેને અમારી અપીલ છે કે તમારા સંપર્કમાં આવતાં લોકો, સંસ્થા-સંગઠનોને દેશભરનાં વિવિધ વિસ્તારોમાં આ કાર્યો માટે પ્રેત્સાહિત કરે.
- જો આપ એવી કોઈ પહેલને જાણતા હો કે જેણે મહામારી દરમિયાન 'હેલ્પ લાઇન' ચલાવી હોય કે પછી લોકો વચ્ચે જઈને સર્વેક્ષણો કર્યા હોય તો એવી એકત્રિત/સંકલિત માહિતીમાં અમને સહભાગી બનાવો.
- નેટવર્ક/સંગઠનો/રાષ્ટ્રીય/ક્ષેત્રિય સંગઠનો/સામુદાયિક સંગઠનો તરીકે આપ આપના કાર્યક્ષેત્રમાં આ કાર્યને આગળ ધપાવવા લોકોને પ્રોત્સાહિત કરો તથા લોક તપાસ સમિતિઓ તૈયાર કરો.
- જો આપ કોઈ સંશોધન સંસ્થા, શૈક્ષણિક સંસ્થા કે પત્રકાર છો તો આ કાર્ય માટે જરૂરી સંશોધનો કરવામાં તથા લોકોની સમાજ વિકસાવવામાં સહભાગી બનો.
- જો આપ વિદ્યાર્થી કે સંશોધનકર્તા છો તો લોક તપાસ સમિતિઓ તથા લોક આયોગમાં આપની સ્વૈચ્છિક સેવાઓ આપો.

ઓલ ઇન્ડિયા વર્કિંગ ગ્રુપ

પબ્લિક ઇન્કવાયરી કમિશન/પીપલ્સ કમિશન ઓન COVID-19

Email: pepols commission: peoplescommission2021@gmail.com

public inquiry committee: publicinquirycommittee2021@gmail.com